જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૦/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૨૯/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | ૦ | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | ૦ | ૫૦ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૧૮૯ | ૧૯ | ૧૫૨૦૮ | ૧૬૦૧૪ | ૧૯ | ૧૬૦33 |
| કુલ | | ૩૦૨૬૩ | ૧૯ | ૩૦૨૮૨ | ૩૮૯૦૯ | ૧૯ | ૩૮૯૨૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૪ | ૧૧,૦૪,૯૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૦૯ | ૧૪,૦૯,૦૦૦/- |

# પાસા અટકાયતીની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાસા નંબર- ૨૫/૨૦૨૦

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૨૦૪/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૮૧,૯૮(૨),૧૧૬(બી) મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૧૧૭/૨૦૨૦ તા.૨૩/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે તા.૨૪/૧૦/૨૦૨૦ ના કલાકઃ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૨૪/૧૦/૨૦૨૦

**આરોપીનું નામ:-** શ્રી ગજેન્દ્રસિંહ અમરસિંહ જાતે પરીહાર ઉ.વ.૨૯ ધંધોઃ- રીક્ષા ડ્રાઇવીંગ રહે.મ.નં.૧૦/૩,હરિવીલ્લા ફ્લેટ બાપાસીતારામ ચોક પાસે નવા નરોડા અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.આર.પટેલ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫

**આરોપીનો ફોટો**



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૧ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૬ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૮૩૨/૨૦૨૦**

**ઇસનપુર** : અમિતભાઇ અશ્વિનકુમાર પંડયા (ઉ.વ.૪૩)(રહે.રચના સોસાયટી જયમાલા બસ માલા બસ સ્ટેન્ડ રાધે કિશન કોમ્પલેક્ષ પાસે જયમાલા ઇસનપુર) એ તા.૨૪/૧૦/૨૦૨૦ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૦ થી તા.૨૪/૧૦/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના સ્ટોરરૂમમાં લાગેલ લોખડની જાળી તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મેઇન રૂમના કોર્નરમાંથી (૧) એક ચાંદીનો હાર કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- (૨) એલ.જી.કંપનીનુ ટી.વી. કિંમત રૂપિયા ૯,૫૦૦/- (૩) પીતળના વાસણો કિંમત રૂપિયા ૫૦૦/- અને (૪) રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૮૩૩/૨૦૨૦**

**નારણપુરા** : મોનાબેન ભુપેશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૪૭)(રહે.વસ્તા ઘેલજીની પોળ, શાહપુર) તા.૨૪/૧૦/૨૦૨૦ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે નારણપુરા દેવેન્દ્ર પાર્ક સોસાયટી ત્રણ રસ્તા વચ્ચે આવેલ ટ્રાફીક બુથ નજીકથી એકટીવા ચલાવી પસાર થતા હતા દરમ્યાન એક્સેસ વ્હીકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી મોનાબેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મોનાબેન પ્રજાપતિએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૩૪/૨૦૨૦**

**ઓઢવ** : તરુણભાઈ બાબુભાઈ કેસરી(બ્રહ્મભટ્ટ)(ઉ.વ.૫૫)(રહે.ચંદ્ર સોસાયટી, રાજેન્દ્રપાર્ક રોડ, ઓઢવ) એ તા.૨૪/૧૦/૨૦૨૦ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૯/૨૦૨૦ ના કલાક ૯/૦૦ થી બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે કામ કરતા ગીતાબેન મોદી (રહે.લક્ષ્મીકૃપા સોસાયટી, અર્બુદાનગર, પંચદેવ મંદીર પાસે, ઓઢવ) તરૂણભાઇના ઘરના કબાટમાંથી સોનાની વીંટી કિંમત રૂપિયા ૪૩,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.રોહીત ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૩૫/૨૦૨૦**

**સોલા હાઇકોર્ટ** : રુદ્ર વિકાસભાઇ પટેલ (રહે.ગોતા વિશ્વાસસીટી-૫ વોડાફોન ટાવરની સામે, ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૦ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.પટેલ ચલાવે છે.

**બાપુનગર** : દીપકભાઈ દેવજીભાઈ પટેલ (ઉ.વ.૫૮)(રહે.કૃષ્ણનગર સોસાયટી ઈન્ડીયા કોલોની બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૦ ના કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઘંઉ સડી ન જાય તે માટે મુકવાની દવા પી લેતા સારવાર અર્થે તેમને કાકડીયા હોસ્પિટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન બપોરના ૨/૦૮ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી